**<u>એમ.એ.સી.પી.નં. ૩૨૬/૨૦૨૩ ના કામે આંક–૧ લગત હુકમ.</u>**

આજ રોજ **નેશનલ લોક અદાલત** હોય, સદર કામનાં પક્ષકારોનાં વિ.વ.શ્રીઓએ આંક–૧૯ થી સંયુકત સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જે સંયુકત સમાધાન પુરસીસ વંચાણે લેતાં બંને પક્ષકારોએ રૂા.૧૬,૧૪,૬૦૦/–અંકે રૂપીયા સોળ લાખ ચૌદ હજાર છસ્સો પુરા સુધીની વળતરની રકમ મેળવવા વળતર અરજીમાં સમાધાન કરેલ છે અને બંને પક્ષકારો હાજર હોઈ તેઓને સમાધાન પુરસીસ વાંચી, સંભળાવી, સમજાવતાં સમાધન પુરસીસની હકીકતો કબુલ મંજુર રાખે છે અને સમાધાન પુરસીસથી સમાધાન કબુલ કરેલ હોવાનું જણાઈ આવે છે. જેથી સમાધાન પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને પક્ષકારોએ સમાધાન પુરસીસ સ્વીકાર્યા મુજબ હાલની વળતર અરજીમાં સમાધાન પુરસીસમાં દર્શાવ્યા મુજબ સમાધાનની રૂએ વળતર અરજી ફેસલ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**<u>– : આખરી હુકમ :–</u>**

**૧.** મોટર અકસ્માત વળતર અરજી **નં.૩૨૬/૨૦૨૩** સમાધાનની રૂએ ફેસલ કરવામાં આવે છે.

**૨.** સદરહું કામનાં સામાવાળા નં.૨ નાએ અરજદારને વળતરની રકમ પેટે **રૂા.૧૬,૧૪,૬૦૦/– (અંકે રૂપીયા સોળ લાખ ચૌદ હજાર છસ્સો )** પુરા સમાધાન મુજબની વળતરની રકમ ટ્રીબ્યુનલમાં જમા કરાવવી.

**૩.** જો અરજદારને નો ફોલ્ટ લાયેબીલીટી હેઠળ વચગાળાની વળતરની રકમ ચુકવવામાં આવી હોય તો તે રકમ ઉપરોકત એવોર્ડની રકમમાંથી બાદ કરવી.

**૪.** સદર કામે સમાધાન મુજબના વળતરનાં નાણાં અંગેની વહેચણી અને ચુકવણીનો હુકમ ટ્રીબ્યુનલ સમક્ષ નાણાં જમા થયેથી

કરવામાં આવશે.

**૫.** સદર કામ નેશનલ લોક અદાલતમાં સમાધાન થયેલ હોય Legal Service Authority Act ની કલમ–૨૧ મુજબ કોર્ટ ફી કાપવી નહી તેવો હુકમ કરવામાં આવે છે.

**૬.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

**૭.** ઉપરોકત હુકમમાં જણાવ્યા અનુસાર એવોર્ડ કરવો.

આજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલત હોય હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
ગોધરા.

**(વૈભવ વસંત મોંઢે)**
ઈ.ચા. એમ.એ.સી.ટી.(સહાયક)
છઠ્ઠી એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ,
પંચમહાલ,ગોધરા.
**કોડ નં.જીજે.૦૦૮૫૨**